# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

*****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે જાપાન પહોંચ્યા – ટોક્યોમાં ભારત–જાપાન આર્થિક સંમેલનમાં ઉપસ્થિત રહ્યા.**
2. **પ્રધાનમંત્રીએ ભારતની વિકાસયાત્રામાં જાપાનને મહત્વનું ભાગીદાર ગણાવ્યું.**
3. **રશિયાએ યુક્રેન પર ડ્રોન અને મિસાઈલથી હુમલો કરતા 23 લોકોના મોત.**
4. **અરુણાચલ પ્રદે શ, કર્ણાટકના દરિયાકાંઠા , મધ્ય મહારાષ્ટ્ર અને ઉત્તરાખંડમાં આજે વરસાદની આગાહી**
5. **બિહારના રાજગીરમાં આજથી 12- મી એશિયા કપ હોકી સ્પર્ધાનો પ્રારંભ**

..................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM JAPAN VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , સમગ્ર વિશ્વ ભારતને માત્ર જોઈ નથી રહ્યું , પણ ભારત પર વિશ્વાસ પણ કરે છે. જાપાનના ટોક્યોમાં ભારત —જાપાન આર્થિક સંમેલનને સંબોધતા શ્રી મોદીએ એ વાત પર ભાર આપ્યો કે, મેટ્રોથી લઈ ઉત્પાદન અને સ્ટાર્ટ-અપથી લઈ સેમિ-કન્ડક્ટર સુધી ભારતની વિકાસયાત્રામાં જાપાન એક મહત્વનું ભાગીદાર રહ્યું છે.

**(BYTE: NARENDRA MODI, PM) ON INVESTMENT**

શ્રી મોદીએ ભારત ટૂંક સમયમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો.

**(BYTE: NARENDRA MODI, PM) ON INDIAN ECONOMY**

પ્રધાનમંત્રીએ જાપાનની કંપનીઓને "મેક ઇન ઇન્ડિયા " અને "મેક ફોર ધી વર્લ્ડ" માટે આમંત્રણ આપ્યું.

શ્રી મોદીએ કહ્યું, જાપાન ટૅક્નિકલ મહાશક્તિ અને ભારત એક પ્રતિભા મહાશક્તિ છે. તેમની સરકારે વેપાર કરવામાં સરળતા પર ભાર આપ્યો છે.

**(BYTE: NARENDRA MODI, PM) ON A.I.**

ઉલ્લેખનીય છે કે, શ્રી મોદી જાપાનના બે દિવસના સત્તાવાર પ્રવાસ માટે આજે સવારે ટોક્યો પહોંચ્યા છે.

. . . . . . . . . . .

# PM NATIONAL SPORTS DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રીય રમતગમત દિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ દિગ્ગજ હૉકી ખેલાડી મેજર ધ્યાનચંદને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

તેમણે કહ્યું , મેજર ધ્યાનચંદનો વારસો પેઢીઓને પ્રેરણા આપતી રહેશે. પ્રધાનમંત્રીએ કહ્યું, યુવાનને પ્રોત્સાહન આપવાથી લઇ વૈશ્વિક સ્તરની માળખાકીય સુવિધાને વિકસાવવા સુધીના કાર્યક્રમથી દેશના રમતગમત ક્ષેત્ર ક્રાંતિકારી પરિવર્તનથી પસાર થઈ રહ્યું છે.

શ્રી મોદીએ ઉમેર્યું , સરકાર ખેલાડીઓને સમર્થન આપવા , માળખાકીય સુવિધાના નિર્માણ અને ભારતને ઉત્કૃષ્ટ રમતોનું વૈશ્વિક કેન્દ્ર બનાવવા પ્રતિબદ્ધ છે. દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું , મેજર ધ્યાનચંદનું સમર્પણ અને તનતોડ મહેનત અદભૂત છે. દેશમાં હૉકી અને અન્ય રમતો માટે તેઓ પ્રેરણાદાયી છે.

સોશિયલ મીડિયા સંદેશણાં શ્રી શાહે કહ્યું , મેજર ધ્યાનચંદે હૉકી રમતમાં પોતાની ઓળખ બનાવી અને તેઓ દેશવાસીઓની યાદમાં હંમેશા જીવતા રહેશે.

. . . . . . . . . . . . . . .

# MANDAVIYA-SPORTS DAY

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું છે કે રાષ્ટ્રીય રમતગમત દિવસ નિમિત્તે ભારતને પોતાનો પહેલો મોન્ડો ટ્રેક મળ્યો છે. આ સાથે ભારત મોન્ડો ટ્રેક ધરાવતો 25મો દેશ બન્યો છે. આ ટ્રેક ભારતીય ખેલાડીઓને વૈશ્વિક કક્ષાની સુવિધાઓ પૂરી પાડશે તેવો વિશ્વાસ શ્રી માંડવિયાએ વ્યક્ત કર્યો.

શ્રી માંડવિયાએ કહ્યું, રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણી માટે , આજથી દેશભરમાં ત્રણ દિવસના રમતગમત મહોત્સવ શરૂ થયો છે અને તેનો ઉદ્દેશ ભારતને રમતગમત રાષ્ટ્ર બનાવવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RUSSIA MISSILE STRIKE

રશિયાએ  યુક્રેનની રાજધાની કીવ પર હુમલો કરતાં 23 લોકોના મોત થયાના અહેવાલ છે. યુક્રેનના અધિકારીએ જણાવ્યું, આ હુમલામાં 48 જેટલા લોકો ઇજાગ્રસ્ત થયા છે. શક્તિશાળી વિસ્ફોટથી સાત જિલ્લામાં યુરોપીયન સંઘ અભિયાન અને બ્રિટિશ પરિસદના મુખ્યમથક સહિતની ઇમારતોને નુકસાન થયું છે. બચાવ દળ હાલમાં કાટમાળમાં ફસેયાલા લોકોની તપાસ કરી રહ્યું છે.

યુક્રેનની વાયુસેનાના જણાવ્યા મુજબ   , રશિયાએ અંદાજે 600 ડ્રૉન અને 31 મિસાઈલથી હુમલો કર્યો છે. યુદ્ધ શરૂ થયા બાદથી આ અત્યાર સુધીનો સૌથી મોટા હુમલામાંથી એક છે.

રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ આ હુમલાની ટિકા કરતા તેને નાગરિકોની ભયજનક અને જાણી જોઈને કરાયેલી હત્યા ગણાવ્યો. યુરોપીયન સંઘના પ્રવક્તાએ કહ્યું, કોઈ પણ રાજદ્વારી મિશનને નિશાન બનાવવું ન જોઈએ. આ હુમલા બાદ બ્રુસેલ્સમાં રશિયાના કાર્યકારી રાજદૂતને સમન્સ પાઠવવામાં આવ્યું છે.

જ્યારે  રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું , યુક્રેનના સૈન્ય ઔદ્યોગિક પરિસરમાં સૈન્ય  વિમાનમથક અને સંસ્થાઓ પર કિંજલ મિસાઈલો સહિત લાંબા અંતરના હથિયારથી હુમલો કરાયો.

રશિયાના રાષ્ટ્રપ્રમુખના કાર્યાલયના પ્રવક્તા દિમિત્રી પેસકોવે કહ્યું   , રશિયા  હજી પણ શાંતિ સંવાદ ઇચ્છે છે , પરંતુ હજી પણ વિશેષ સૈન્ય અભિયાન ચાલુ છે એ તેમણે ભારપૂર્વક જણાવ્યું.

. . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 125મી કડી હશે.

લોકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચન મોકલી શકે છે. ઉપરાંત નરેન્દ્ર મોદી એપ અથવા MyGov પોર્ટલ દ્વારા ઓનલાઈન પણ સૂચનો મોકલી શકાશે. સૂચનો મોકલવાનો આજે અંતિમ દિવસ છે.

. . . . . .

# SC JUDGES OATH

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ બી. આર. ગવઈએ આજે સર્વોચ્ચ અદાલતના બે નવનિયુક્ત ન્યાયાધીશને શપથ લેવડાવ્યા. ન્યાયમૂર્તિ આલોક અરાધે અને ન્યાયમૂર્તિ મનુભાઈ પંચોલીએ આજે શપથગ્રહણ કર્યાં. સરકારે બે દિવસ પહેલા જ તેમની નિમણૂકને મંજૂરી આપી હતી. આ નિમણૂક સાથે સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશોની સંખ્યા મુખ્ય ન્યાયમૂર્તિ સહિત 34 થઈ ગઈ છે.

. . . . . . . . . . . . . .

# IMD WEATHER

અરુણાચલ પ્રદેશ, કર્ણાટકના દરિયાકાંઠા, મધ્ય મહારાષ્ટ્ર અને ઉત્તરાખંડમાં આજે વરસાદની સંભાવના છે. હવામાન ખાતાએ ગુજરાત , કર્ણાટક, કેરળ, માહે, કોંકણ, ગોઆ, મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ, સિક્કીમ, તેલંગાણા અને વિદર્ભમાં પણ ધોધમાર વરસાદની શક્યતા છે. ઉત્તર-પૂર્વ ભારતમાં પણ આવી જ સ્થિતિ રહી શકે છે.

પૂર્વ રાજસ્થાન, હરિયાણા, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ અને પંજાબમાં પણ ભારે વરસાદની શક્યતા છે. જ્યારે આંદામાન-નિકોબાર ટાપુઓ , બિહાર, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, ઝારખંડ અને તેલંગાણામાં વાવાઝોડા સાથે વરસાદ થવાની સંભાવના છે.

. . . . . . . . .

# UTTARAKHAND RAIN

ઉત્તરાખંડના કેટલાક જિલ્લામાં ભારે વરસાદને કારણે જનજીવન ખોરવાયું છે. ચમોલી જિલ્લાના દેવલ તાલુકાના મોપાટા ગામમાં ધોધમાર વરસાદને કારણે કાટમાળ નીચે દટાઈ જવાથી બે લોકો ગુમ અને કેટલાક પરિવાર ફસાયા હોવાના અહેવાલ છે. સ્થાનિક વહીવટીતંત્ર યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી કરી રહ્યું છે અને અધિકારીઓને અસરકારક સંકલન સુનિશ્ચિત કરવા સૂચના અપાઈ છે.

રુદ્રપ્રયાગ જિલ્લાના બાસુકેદાર તાલુકાના બરેથ ડુંગર ટોક વિસ્તારમાં ભારે વરસાદને કારણે જનજીવન અસરગ્રસ્ત થયું છે. મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ કહ્યું છે કે તેઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છે. તેમણે આપત્તિ સચિવ અને જિલ્લા મેજિસ્ટ્રેટને બચાવ કામગીરીના કાર્યક્ષમ અમલીકરણની ખાતરી કરવા નિર્દેશ આપ્યો છે. સતત વરસાદને ધ્યાનમાં રાખીને, પિથોરાગઢ, ચંપાવત અને બાગેશ્વર જિલ્લાની તમામ શાળાઓ અને આંગણવાડી કેન્દ્ર આજે બંધ રખાયા છે.

. . . . . . . . . . . . .

# JK NATIONAL HIGHWAY

જમ્મુ—કાશ્મીરમાં મહત્વના જમ્મુ —શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ **NH-44** ઉધમપુર—રામબન ક્ષેત્રમાં ભારે વરસાદને કારણે ઘણી વાર ભૂસ્ખલન થયું. તેને લઈ આજે સતત ચોથા દિવસે પણ આ ધોરીમાર્ગ વાહન વ્યવહાર માટે બંધ રહેશે. આકાશવાણીના જમ્મુ સંવાદદાતા જણાવે છે, રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધ થવાના કારણે 600થી વધુ વાહન વિવિધ જગ્યાએ ફસાયા છે. આ કાશ્મીર ખીણને દેશના અન્ય ભાગથી જોડનારો એક માત્ર માર્ગ છે.

ટ્રાફિક પોલીસે જણાવ્યું , જમ્મુના નગરોટાથી રિયાસી , ચેનાની, પટનીટૉપ, ડોડા, રામબન, બનિહાલ અને શ્રીનગર તરફથી કોઈ પણ વાહનને આવવા-જવાની મંજૂરી નહીં હોય. કટારા અને ઉધમપુર શહેરના પ્રવાસીઓને પોતાનું ઓળખપત્ર સાથે રાખવા અનુરોધ કરાયો છે. બીજી તરફ , સરહદ માર્ગ સંગઠનના કર્મચારીઓ યંત્રોના મદદથી મંગળવારથી ભારે વરસાદ અને અચાનક આવેલા પૂર બાદ ધોરીમાર્ગ પર આવતી અડચણોને દૂર કરવાનું યુદ્ધના ધોરણે કામ કરી રહ્યા છે.

. . . . . . . . . . . . .

# HOCKEY ASIA CUP

બિહારના રાજગીરમાં આજથી 12-મી એશિયા કપ હોકી સ્પર્ધાનો પ્રારંભ થશે. ભારતીય હોકીના મહાન ખેલાડી મેજર ધ્યાનચંદની જન્મજયંતી નિમિત્તે દેશભરમાં આજે રાષ્ટ્રીય રમતગમત દિવસ ઉજવાઈ રહ્યો છે. ત્યારે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર આજે બપોરે આ સ્પર્ધાનો પ્રારંભ કરાવશે.

સ્પર્ધામાં ભારત સિવાય જાપાન, ચીન, કઝાખસ્તાન, મલેશિયા, દક્ષિણ કોરિયા, બાંગ્લાદેશ અને ચીની તાઈપે ભાગ લેશે. આ એશિયા કપ આવતા વર્ષે યોજાનારી હોકી વિશ્વકપ માટેની ક્વાલિફાયર સ્પર્ધા પણ છે. તેમાં કુલ 24 મેચ રમાશે. જ્યારે ફાઈનલ સાત સપ્ટેમ્બરે રમાશે.

પુલ એ-માં ભારત સાથે જાપાન , ચીન અને કઝાખસ્તાનને રખાયું છે. ભારત આજે પહેલી મેચ ચીન સાથે રમશે. ભારતીય ટીમના સુકાની હરમનપ્રિત સિંહે ટીમને વિશ્વકપ માટે ક્વાલિફાય થવાની આશા વ્યક્ત કરી.

**(BYTE: HARMANPREET SINGH, PLAYER)**

. . . . . . . . . . . . . . . . . .

# BIHAR ASIA CUP

બિહારમાં એશિયા કપ હોકીની ઉદ્ઘાટન મેચમાં આજે મલેશિયાએ બાંગ્લાદેશને ચાર—એકથી હરાવ્યું. મેચની શરૂઆતની મિનિટ્સમાં જ બાંગ્લાદેશના સ્ટ્રાઈકર અશરફુલ ઇસ્લામે ગોલ કરી દીધો. ત્યારબાદ મલેશિયાએ વ્યૂહરચનામાં ફેરફાર કરી રમતને પોતાના નિયંત્રણમાં લીધી. પહેલા પા ભાગ પૂર્ણ થવા પર બંને ટીમ બરાબરી પર આવી ગઈ. ત્યારબાદ મલેશિયાએ સતત ત્રણ ગોલ કરી ચાર — એકથી જીત મેળવી.

. . . . . . . . . . . . .